# શહેરમાંથી બોગસ ડીગ્રી કૌંભાડ ઝડપાયું

## સેક્ટર-૨૧ પોલીસે સેક્ટર-૨૧ સુરભી કોમ્પ્લેક્ષના ભોંયરામાં આવેલા બરૂઆ ટયુટોરીઅલ ખાતે દરોડો પાડ્યો, રૂ.૫૦ હજારમાં વિવિધ રાજ્યની યુનિવર્સિટીની નકલી ડીગ્રીનો વેપાર, ત્રણ સામે ગુનો નોંધાયો, બે ની ધરપકડ,

ગાંધીનગર, તા.૨૪

રાજયના પાટનગરમાંથી બોગસ ડીગ્રી કૌંભાડ ઝડપાયું છે. સેકટર-૨૨ સુરભી કોમ્પ્લેક્ષમાં બરૂઆ ટ્યુટોરીઅલના સંચાલિકા માત્ર રૂ.૫૦ હજારમાં વિવિધ યુનિવર્સિટીના સર્ટીફિકેટ આપતા હતા. સેકટર-૨૧ પોલીસના સર્વેલન્સ સ્કવોડ દ્વારા જથ્થાબંધ ડુપ્લીકેટ સર્ટીનો જથ્થો જપ્ત કરી મહિલા સહિત ત્રણ સામે ગુનો નોંધી બે ની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના પીઆઈ મનોજ ભરવાડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ આર.સી.ખરાડી સહિતના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે સમય દરમિયાન રાજેન્દ્રસિંહ સુરપાલસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૨૨ સુરભી કોમ્પ્લેક્ષના ભોંયતળીએ દુકાન નં.૫ ખાતે બરૂઆ ટયુટોરીઅલમાં દરોડો પાડી તેના સંચાલક મહિલા વંદના શ્યામલકેતુ બરૂઆ (બંગાળી) ને પકડી પાડ્યા હતા. પોલીસે બરૂઆ ટયુટોરીઅલમાં તપાસ કરતા વિવિધ યુનિવર્સિટીના નકલી ડીગ્રી સર્ટીફિકેટ મોટીમાત્રામાં મળી આવ્યા છે. પોલીસે વંદના બરૂઆ ની પુછપરછ કરતા વર્ષ ૨૦૧૪ માં સુમન ટાવર કન્સલન્ટન્સી ખોલી હતી.

જેની જાહેરાત અખબાર અને જસ્ટડાયલમાં પણ આપી હતી. તે સમયે મહારાષ્ટ્રની સફાયર એજ્યુકેશન, સોપ એજ્યુકેશન કલોલ, મેઘદુત એજ્યુકેશન કડી, એસએલ એજ્યુકેશન ઝારખંડ દેવી એજ્યુકેશન બેંગ્લોર સહિતની સંસ્થાના ડાયરેકટર સાથે સંપર્ક






હતો.ત્યારે દેવી એજ્યુકેશનના ડાયરેકટર તન્મય દેવરોયએ (રહે.અગરતલા) કહ્યું કે ભારતની કેટલીક યુનિવર્સિટીમાં ડાયરેકટર સંપર્ક છે. ધોરણ-૧૦, ધોરણ-૧૨ પાસ કર્યા બાદ કોલેજનો અભ્યાસ ચુકી ગયા હોય તેવા કોઈપણ વિદ્યાર્થીને ડીગ્રીના ડીમડેટના સર્ટીઓ પરિક્ષા આપ્યા વિના રૂપીયા થી મળી રહેશે.જેથી વંદના બરૂઆએ હાઈટેક કોમ્પ્યુટરના વિપુલ અમરતભાઈ પટેલને વાત કરી હતી.

જેથી વિપુલ પટેલ જરુરીયાતમંદ વિદ્યાર્થીઓને લઈ આવતો હતો.જયારે વંદના બરૂઆ ડિમાન્ડ પ્રમાણે ડીગ્રી સર્ટીફિકેટ મંગાવી આપી જરુરીયાતમંદ પાસેથી રૂ.૪૦ થી ૫૦ હજાર ખંખેરી લેતા હતા. જયારે રૂપીયાનો સરખો ભાગ પાડવામાં આવતો હતો. જેથી પોલીસે કોમ્પ્યુટર કલાસમાં પણ રેઈડ પાડી ત્યાંથી પણ વધુ નકલી સર્ટીનો જથ્થો કબ્જે કરાયો હતો. પોલીસને મેરઠની ચૌધરી ચરણસિંઘ યુનિવર્સિટી, જયપુરની નેશનલ યુનિવર્સિટી, રાજસ્થાનની સન રાઈઝ યુનિવર્સિટી તેમજ અમદાવાદની ડેલોક્ષ ટીચર યુનિવર્સિટીની વિવિધ નકલી સર્ટીફિકેટનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે વંદના બરૂઆ અને વિપુલ પટેલની ધરપકડ કરી છે. ત્યારે પોલીસે વંદના રિમાન્ડ મેળવીને નકલી ડીગ્રી ખરીદનાર વ્યકિતની પણ માહિતી એકઠી કરવામાં આવશે અને તેમની સામે પણ ગુનો નોંધવામાં આવશે. હાલ પોલીસે વંદના સહિત ત્રણ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- વિશ્વ ક્ષય દિવસની ઉજવણીના ભાગરૂપે મનપા આરોગ્ય તંત્ર દ્વારા સે. ૨ માં રેલી, પાલજમાં ચિત્રસ્પર્ધા, સે. ૨૯માં મહેંદી સ્પર્ધા, સે. ૨૪માં રેલી યોજવામાં આવી હતી.
- સાદરા મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહા વિદ્યાલય ખાતે ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે ૪૫/૮૪ કડવા પાટીદાર સિનીયર સીટીઝનનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજ્યકક્ષાની એથ્લેટીક્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. ૩૦૦થી વધુ સીનીયર સીટીઝનો આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહ્યા હતા.
- આજે પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગાંધીનગરમાં આદિવાસી સંમેલન યોજવામાં આવ્યુ છે.
- માણસાના આટા-આંબા ગામે ખેતરમાંથી એરંડાની બોરીઓની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે.
- કલોલમાં રાષ્ટ્રીય સેવિકા સમિતિ અને શ્રવણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૦૦ બહેનોને ‘‘ધી કાશ્મીર ફાઈલ્સ’’ ચલચિત્ર બતાવવામાં આવ્યુ હતુ.
- દહેગામ તાલુકાની વાસણા રાઠોડ ખાતેની ઠાકર હાઈસ્કૂલના ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા અને વિદાય સમારોહ યોજાયો હતો.
- માણસા ખાતે ટી.બી. જાગૃતિ રેલીનું આજે આયોજન કરવામાં આવ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં ૧૨ થી ૧૪ વર્ષના વયજૂથમાં આજ સુધીમાં ૯૦.૨૦ટકા કોરોના વેક્સીનેશનની કામગીરી પૂર્ણ થઈ છે.
- જિલ્લા ભાજપ દ્વારા આજે કમલમ ખાતે પખવાડિક બેઠક જિલ્લા પ્રભારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેમાં આગામી કાર્યક્રમો અંગે ચર્ચાઓ કરાઈ હતી.

## તાલીમાર્થી યુવતીઓને ‘‘આત્મનિર્ભર’’ બનાવતું ગાંધીનગર મહિલા આઈટીઆઈનું ‘‘અદિતી’’ સેન્ટર

**બીસીજી સંસ્થાની મદદથી તૈયાર કરાયેલા ‘અદિતી’ સેન્ટરમાં ફેશન ડિઝાઈન, ગારમેન્ટ, કોમ્પ્યુટર સર્વિસ તેમજ બ્યુટિ સલોનની સેવાઓ ઉપલબ્ધ : પોતાનો વ્યવસાય ઉભો કરવા અસક્ષમ તાલીમાર્થી યુવતીઓને વ્યવસાયની તક આપી સક્ષમ બનાવે છે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં સેક્ટર-૧૫ ખાતે વર્ષ-૨૦૧૨ થી કાર્યરત મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા દ્વારા એક વર્ષ કરતાં પણ વધુ સમયથી શરૂ કરવામાં આવેલી એક નવી પહેલ ‘‘અદિતી’’ અંતર્ગત સંસ્થાની તાલીમાર્થી યુવતીઓ તાલીમની સાથે સાથે પોતાના વ્યવસાયિક કૌશલ્યનો ઉપયોગ કરીને અર્થોપાર્જન કરી ‘‘આત્મનિર્ભર’’ બનવા તરફ ડગ માંડી રહી છે. કોરોના મહામારીની પહેલી લહેર પછી શરૂ થયેલો આ અનોખો પ્રયાસ મહામારીની બીજી અને ત્રીજી લહેર સહન કરવા છતાં આત્મવિશ્વાસથી તેના ઉદ્દેશ અનુસાર મહિલા સશક્તિકરણને સાર્થક કરવા તરફ આગળ વધી રહ્યો છે. જે માટે ગાંધીનગરની મહિલા આઈટીઆઈના પ્રિન્સિપાલ એચ.એલ. ચૌધરી અને આ વિચારને મૂર્તિમંત બનાવવામાં આર્થિક તેમજ વહીવટી સધિયારો પુરો પાડવામાં મદદરૂપ થનાર ‘ભગવત કન્સ્લટીંગ ગૃપ’’ને અભિનંદન આપવા ઘટે તેમ છે.



‘‘ગાંધીનગરની મહિલા આઈટીઆઈનો ગ્રેડીંગમાં સર્વોચ્ચ સ્થાન સાથે દેશભરમાં નં. ૧ બનાવવાના પ્રયાસ સાથે સંસ્થાની વર્તમાન અને પૂર્વ તાલીમાર્થી બહેનોને સ્વરોજગાર મેળવવામાં સહાયરૂપ થવાના ઉદ્દેશથી પીપીપી મોડેલ પદ્ધતિને અનુસરીને આ અદિતી સેન્ટર ઉભું કરાયું છે. જેને ‘‘સેલ્ફ સસ્ટેનેબલ’’ બનાવવું છે. અહીં યુવતીઓને ‘‘ઓન જોબ ટ્રેનિંગ’’ સંસ્થા ખાતે જ મળે છે અને તેમનો સ્કિલ ડેવલોપમેન્ટ સાથે આવક અને અનુભવ બંને અહીંથી જ પ્રાપ્ત થઈ શકે છે.’’

**- એચ.એલ. ચૌધરી**
**પ્રિન્સિપાલ, મહિલા આઈટીઆઈ, ગાંધીનગર**

નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનીંગ તેમજ ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશન ટ્રેનીંગ સ્કીમ અંતર્ગત કાર્યરત મહિલા આઈટીઆઈના ગાંધીનગર એકમ ખાતે કુલ ૯ વ્યવસાયોની ૧૩ બેચમાં ૨૯૪ મહિલા તાલીમાર્થીઓને પદ્ધતિસરની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ થકી મધ્યમ અને જરૂરિયાતમંદ વર્ગની યુવતીઓ પોતાની પસંદગીના વ્યવસાયની તાલીમ મેળવી પોતાના કૌશલ્યને નિખારવા સાથે રોજગારી મેળવવા સક્ષમ બની સ્વનિર્ભરતા સાથે પરિવારને મદદરૂપ બનવા પ્રયાસ કરે છે. જો કે આ તાલમ મેળવ્યાં પછી મોટાભાગની યુવતીઓ મોટેભાગે જે મધ્યમ કે જરૂરિયાતમંદ વર્ગની હોવાથી પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે આર્થિક રીતે સક્ષમ નથી હોતી જ્યારે કેટલીક યુવતીઓને તો તાલીમ અભ્યાસ દરમ્યાન પણ આર્થિક જરૂરિયાતને પહોંચી વળવા અર્થોપાર્જન કરવું જરૂરી હોય છે. આ યુવતીઓને તેમણે મેળવેલ તાલીમના ઉપયોગ થકી જ કોઈપણ પ્રકારનો આર્થિક બોજ ઉઠાવ્યા વગર વ્યવસાય કરીને ‘‘બે પૈસા’’ રળવાની તક મળે તે હેતુથી પ્રિન્સિપાલ એચ.એલ. ચૌધરી દ્વારા મહિલા આઈટીઆઈ સંકુલમાં જ ‘‘પ્રોડકશન કમ સેલ્સ એન્ડ સર્વિસ સેન્ટર’’ ઉભુ કરવું જોઈએ તેવો વિચાર આવ્યો હતો. તેમનો આ વિચારને સાકાર કરવા વિવિધ કંપનીઓનો સંપર્ક સાધ્યો પરંતુ શરૂઆતમાં નિરાસા મળી હતી. જોકે બીસીજી નામની સંસ્થાએ આ બાબતે રસ દાખવી તેના સંચાલક મેહુલ બારોટના વડપણ હેઠળ આર્થિક અને વહીવટી સહકાર આપવાની તૈયારી દર્શાવી હતી અને જે અંગે વિધિવતરૂપે એમઓયુ કરીને તા. ૨૩મી ડિસેમ્બર-૨૦૨૧ના રોજ આ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો જેનું નામ ‘‘અદિતી પ્રોડક્શન કમ સેલ્સ એન્ડ સર્વિસ સેન્ટર’’ રાખવામાં આવ્યું છે. આ સેન્ટરને વિકસાવવા બીસીજી સંસ્થાના મેહુલ બારોટે અંગત રસ લઈને પુરતો આર્થિક સહયોગ આપ્યો છે તેમજ તેના સંચાલન માટે પણ તેઓ સહાયરૂપ બની રહ્યાં છે જેના કારણે મહિલા આઈટીઆઈની તાલીમાર્થી યુવતિઓ માટે સાચા અર્થમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવામાં અદિતી કેન્દ્ર ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. ‘અદિતી’માં અત્યારે ફેશન ડિઝાઈનીંગ, ગારમેન્ટ, કોમ્પ્યુટર આઈટી સર્વિસ ઉપરાંત કોસ્મોટોલોજી ટ્રેડ અંતર્ગત ‘નિખાર સલોન’ શરૂ કરાયું છે. અહીં મહિલા આઈટીઆઈમાં તાલીમ લઈ રહેલી તેમજ તાલીમ મેળવી ચુકેલી યુતીઓ કાર્ય કરીને આર્થિક રીતે પગભર બની રહી છે કેમ કે આ કેન્દ્રમાંથી થતી આવક તેમાં કાર્યરત યુવતિઓમાં જ વહેંચાય છે.



‘‘મહિલા આઈટીઆઈ ખાતે શરૂ કરાયેલું અદિતી પ્રોડેક્શન કમ સેલ્સ એન્ડ સર્વિસ સેન્ટરનું સંચાલન કરીને તાલીમાર્થીઓના ઉજળા ભાવિ માટે કામ કર્યાનો સંતોષ મળી રહ્યો છે. અહીં કામ કરતી તમામ બહેનોનો આત્મવિશ્વાસ વધે, તેઓ બજાર સાથે તાલમેળ મેળવીને કામ કરે, આત્મનિર્ભર બને તેમજ ‘‘અર્ન વ્હાઈલ લર્ન’’ અનુસાર તાલીમ સાથે જ રોજગારી પણ મેળવે તે માટે અમારૂ આ સાહસ તાલીમાર્થીઓનું ભવિષ્ય ઉજળું બનાવશે તેવી મને ખાતરી છે.’’

**- મમતા અંધારિયા**
**ફોરમેન, મહિલા આઈટીઆઈ તેમજ અદિતી સેન્ટરના માર્ગદર્શક**

### બજાર કરતા કિફાયતી છે ‘અદિતી’ સેન્ટર

‘અદિતી’ સેન્ટર ખાતે ફેશન ડિઝાઈનીંગ વિભાગ દ્વારા વિવિધ ઓર્નામેન્ટસ, જ્વેલરી, પર્સ, બેગ, બ્રાઈડલ સેટ, બેલ્ટ, ટ્રેડિશનલ ડ્રેસ, સાડી બ્રોચ, હેર બ્રોચ જેવી વિવિધ પ્રોડક્ટ્સ તૈયાર કરાય છે જ્યારે ગારમેન્ટ વિભાગમાં સ્ટિચીંગ ટ્રેડ અંતર્ગત દરેક વ્યક્તિ માટેના વસ્ત્રો, સ્કૂલ યુનિફોર્મ, એપ્રોન્સ, કંપની-ફેક્ટરીના યુનિફોર્મ, ટિફિન બેગ, ડિઝાઈનર બેગ, કુશન કવર વગેરેનું સિલાઈકાર્ય કરી આપવામાં આવે છે. કોમ્પ્યુટર આઈટી સર્વિસમાં સરકારી ભરતીઓ સહિતની વિવિધ ઓનલાઈન અરજીઓ, આધારકાર્ડ, પાનકાર્ડ, ઓજસ, આઈટી રીટન્સ, ગુજરાતી-અંગ્રેજી ટાઈપીંગ જોબવર્ક, પ્રિન્ટ જોબ વર્ક અને ડીટીપી સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ સાથે ‘નિખાર ધ સલોન’માં બ્યુટિ પાર્લરને લગતાં નેઈલ આર્ટ, મહેંદી, ફેસિયલ, હેર સ્પા, હેર સ્ટ્રેટનિંગ, વેક્સિંગ, મેનીક્યોર, પેડીક્યોર, થ્રેડીંગ, બોડી મસાજ, બ્લીચ, ટોન તેમજ વેડીંગ સહિતના ઈવેન્ટ બેજ બ્યુટિ ઓર્ડરની સેવાઓ પુરી પાડવામાં આવે છે. આ તમામ વિભાગની સેવાઓ તેમજ ઉત્પાદનોનું વેચાણ બજાર કરતાં કિફાયતી ભાવે પુરૂ પાડવામાં આવે છે.





### પાર્થિવ ગોહિલના પાવરપેક પરફોર્મન્સ સાથે વસંતોત્સવનું સમાપન

દેશભરમાં ગાંધીનગરની ઓળખ બની ચુકેલા ‘વસંતોત્સવ-૨૦૨૨’નું બુધવારે રાત્રે જાણીતા પાર્શ્વગાયક પાર્થિવ ગોહિલના ધમાકોર પરફોર્મન્સ અને હૈયે હૈયું દળાય તેવી જનમેદની સાથે સમાપન થયું હતું. છેલ્લાં સતત દસ દિવસથી દેશભરના વિવિધ સાંસ્કૃતિક લોકનૃત્યોના રંગબેરંગી પરફોર્મન્સ ઉપરાંત વિધિ હસ્તકળા અને પારંપરિક ચીજવસ્તુઓના અનેકવિધ સ્ટોલ્સ સાથે ગાંધીનગર સહિત આસપાસના સમગ્ર વિસ્તારને ઘેલું લગાડનાર વસંતોત્સવને આ વખતે ખૂબ મોટી સંખ્યામાં મુલાકાતીઓએ મનભરીને માણ્યો હતો. ‘વસંતોત્સવ ૨૦૨૨’ના અંતિમ દિવસે રાજયના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ પણ મુલાકાત લીધી હતી. યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના કમિશનર તેમજ ઓએસડી સહિતના અધિકારીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

### સે-૨૮નો બાલોદ્યાન ૧લી એપ્રિલથી ખુલ્લો મુકાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરનો સે-૨૮નો બાલોદ્યાન આગામી ૧લી એપ્રિલથી લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે.

આજે થયેલ સ્થાયી સમિતિમાં આ અંગેનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોવિડ મહામારીને પગલે બાલોદ્યાન બંધ કરાયુ હતું. હવે નિયંત્રણો હળવા થયા છે ત્યારે બાલોદ્યાનને પુનઃ કાર્યાન્વિત કરવામાં આવનાર છે.

બાલોદ્યાનમાં નવી રાઈડસ મુકવામાં આવશે તેમજ તેની જે જુની શરતો છે તે ચાલુ રાખવામાં આવી છે. બાલોદ્યાન એ ગાંધીનગરના પ્રવાસીઓનું સૌથી લોકપ્રિય સ્થળ માનવામાં આવે છે. નવી રાઈડસ ક્રમશઃ લગાવવામાં આવશે.

### વેસ્ટર્ન ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની ટીમનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં વડોદરા ખાતે બકુલેશ ગુપ્તા મેમોરિયલ વેસ્ટર્ન ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, દમણ અને દીવ, મધ્યપ્રદેશ વગેરે રાજયોની ટીમે ભાગ લીધો હતો. કુમિતે અને કાતા એમ બે પ્રકારની ઈવેન્ટમાં કુલ ૨૮૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

વાડોકાઈ કરાટે ડો ફેડરશન ઓફ ઈન્ડિયાની ગાંધીનગર શાખાના ખેલાડીઓએ પણ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગાંધીનગરના ખેલાડીઓએ કુમિતે ઈવેન્ટમાં ૯ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ્સ તથા કાતા ઈવેન્ટમાં ૮ ગોલ્ડ મેડલ્સ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું. આ ઉપરાંત ૫ ખેલાડીઓ સેમિફાઈનલ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા.




વિજેતા થનાર ખેલાડીઓને ચીફ ટેકનીકલ ડાયરેકટર શિહાન અરવિંદભાઈ રાણા, કોચ જીગ્નેશભાઈ ત્રિવેદી, દર્શનભાઈ સુથાર, શૈલેષભાઈ આહિર તથા અલ્પેશભાઈ રાઠોડે અભિનંદન પાઠવ્યા હતા.

### અડાલજ ૭ વેવ હોટલની સામે માર્ગ પરથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૪

અમદાવાદ ઘાટલોડીયા પ્રમુખનગર જી-૧૬ ખાતે રહેતા ભિરાજભાઈ દુષ્યંતભાઈ પંડયા (ઉં.૨૮) પોતાના પરિવાર સાથે રહે છે. જયારે તેઓ ૭ વેવ હોટલ પાસે માર્ગ પર અમરૂત ધારા મીની ઓઈલનો વેપાર કરે છે. ત્યારે પોતાના ઉપયોગ માટે આવન જાવન માટે તેઓ બાઈક નં. જી.જે.૦૧.પી.ક્યું.-૭૩૦૨ નો ઉપયોગ કરે છે. ત્યારે નર્મદા કેનાલ થી ઉવારસદ જવાના માર્ગ પર આવેલી ૭ વેવ હોટલ સામે સર્વિસ માર્ગ પર તેમના શેડની બાજુમાં ભિરાજભાઈએ બાઈક પાર્ક કર્યુ હતું. ત્યારબાદ તેઓએ જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં તેઓએ શોધખોળ કરવા છતા બાઈક ન મળી આવતા અડાલજ પોલીસ મથકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

### એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૨૪

એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ખેલ મહાકુંભમાં ચેસની સ્પર્ધામાં અંડર-૧૪માં ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં આવ્યો હતો. જેમાં સૌમ્ય પરમાર પ્રથમ સ્થાન પર અને દીર્ઘ રાજગોર બીજા સ્થાન પર વિજેતા થયા હતા. તેમજ અંડર-૧૭ રસ્સાખેંચમાં તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને સમગ્ર ગાંધીનગરમાં શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. આ વિદ્યાર્થીની જિલ્લા કક્ષાએ પસંદગી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ટ્રસ્ટી તેમજ શિક્ષક ગણે શુભેચ્છા પાઠવી હતી.

### બાલવા ગામે આંગણવાડીઓમાં રમકડાં વિતરણ કાર્યક્રમ

બાલવા ગામ ખાતે ગોગા સિકોતર ધામ બાલવા સેવા ટ્રસ્ટ દ્વારા ગામની ૭ આંગણવાડી કેન્દ્રો માટે નાના ભૂલકાંઓને આનંદ પ્રમોદ કરવા તથા હસતા ખેલતા શાળાએ આવે તે માટે રમકડાનું વિતરણ કરાયું હતું. શિક્ષકોને બેસવા માટે ૭ નંગ ખુરશી, ૩૦ નંગ બાળકોને બેસવા નાની ખુરશીઓ, ૧૪ નંગ ઘોડા, ૩ નંગ શેતરંજી, ૭ નંગ સ્ટીલના બાઉલ નાસ્તા માટે, પ્રાણીઓ-પક્ષીઓની પઝલ ગેમો, જરૂરી તમામ નાની મોટી વસ્તુઓ ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રસિંહ ભાટી તથા સેક્રેટરી દિવ્યરાજસિંહ ભાટી દ્વારા દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માણસા તાલુકાના સી.ડી.પી.ઓ. પારસબેન ચૌહાણ, સુપરવાઈઝર નીતાબેન ગોસ્વામી, વિસ્તરણ અધિકારી સતુજી ભાટી, પૂર્વ સરપંચ, પૂર્વ તાલુકા ડેલીગેટ, ગામના અગ્રગણ્ય સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

### શહેરના સેકટર-૭ શાકમાર્કેટમાંથી મોબાઈલની ચોરી

શહેરના શાકમાર્કેટમાંથી એક યુવકનો મોબાઈલ ચોરી થયો છે. ગતરોજ સાંજના સાત વાગ્યાના અરસામાં યુવક શાકભાજી ખરીદી કરતો હતો અને ભીડમાં ધક્કામુકી થઈ હતી. ત્યારબાદ થોડીવારમાં યુવકના શર્ટના ખીસ્સામાંથી ઓપો કંપનીનો ૧૫ હજારનો મોબાઈલ ચોરી થઈ જતા યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. મુળ કુડાસણના વતની અને હાલ સેકટર-૪ ડી પ્લોટ નં. ૯૬૭-૨ ખાતે રોહિત લાલભાઈ પટેલ (ઉં.૩૭) પોતાના પરિવાર સાથે રહે છે. રોહિત છેલ્લા દશ વર્ષથી ગીફટસીટી ખાતે ડ્રાઈવર તરીકે ખાનગી નોકરી કરે છે. ત્યારે ગત તા.૧૭ના રોજ સાંજના સાત વાગ્યાના અરસામાં રોહિત પટેલ સેકટર-૭ શાકમાર્કેટ ખાતે શાકભાજી લેવા માટે ગયા હતા. તે સમયે તેમના શર્ટના ખીસ્સામાં ઓપો કંપનીનો રેનો-૬ મોડલનો રૂ.૧૫ હજારનો ફોન હતો. સાંજનો સમય હોવાથી શાકમાર્કેટમાં ભીડ વધુ હતી. તે સમયે તેઓ શાકની ખરીદી કરી રહ્યા હતા. તે સમયે અચાનક ભીડ હોવાથી ધક્કામુકી થઈ હતી. થોડીવાર પછી મોબાઈલ ફોન ચેક કરતા તે જણાયો ન હતો. રોહિત પટેલ જે ફોનનો ઉપયોગ કરતા હતા તે તેમના મિત્રની માલિકીનો હતો.




### આપ પાર્ટીનું ઘ-૪ અંડરપાસ પર બેનર

શિક્ષણ વ્યવસ્થા પર જાહેરમાં ડીબેટ કરવા માટે ગુજરાતના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી ચેલેન્જ સ્વીકાર કરો ના બેનર આપ પાર્ટી ગાંધીનગર દ્વારા લગાવ્યા હતા.

## સિવિલના પાર્કિંગની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગની ટેન્ડર પ્રક્રિયા ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે. કોરોના સમયથી પાર્કિંગ સંચાલક ગાયબ છે. અત્યાર સુધી પાર્કિંગ ફ્રી છે. તેમ છતા કેટલાક વ્યકિતઓ પાર્કિંગના નામે પૈસા ઉઘરાવતા હોવાની પણ ફરીયાદો ઉઠવા પામી છે. ત્યારે સિવિલ સત્તાધિશો દ્વારા ટુંક સમયમાં પાર્કિંગની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

સિવિલના સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસ બાઈક ચોરી માટે હોટસ્પોટ બની ગયું છે.

ચોર શખ્સો કેમ્પસમાંથી વાહનચોરી કરીને બિન્દાસ્ત સિફતપૂર્વક રફુચકકર થઈ જાય છે. સિવિલમાં હજ્જારો દર્દીઓ આવતા હોવાથી સિવિલનું પાર્કિંગ વાહનોથી ઉભરાતુ જોવા મળે છે.

પાર્કિંગમાં કોઈ સંચાલક ન હોવાથી આડેધડ વાહનો પાર્ક થાય છે. જેથી ચોર શખ્સોને વાહનચોરી માટે મોકળુ મેદાન પડે છે. જયારે પાર્કિંગમાંથી સિવિલને મળતી આવક પણ બંધ છે. ત્યારે પાર્કિંગની ટેન્ડર પ્રક્રિયા બાદ ટુંક સમયમાં સિવિલના પાર્કિંગમાં વાહન ઉભા રાખવા માટે પૈસા ચુકવવા પડશે.